PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૩/કવા–૦૧/૧૭–૧૮/ ૫૬૭૪ તા. ૧૨/૦૭/૧૭

રજી. એડી. પત્ર

પ્રતિ,
ભાવેશભાઈ અમૃતલાલ ગેરીયા,
મંગલમ કોમ્પલેક્ષ ,ગ્રાઉન્ડ ફલોર,
માંડવી ચોક, મીના ગલી
રાજકોટ
મો: ૯૩૨૭૦૦૨૯૦૦

**વિષય :–વીજબીલ બાબત**

**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૩–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૩/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૨.)

**નકલ રવાના :**

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પ્રહલાદ પ્લોટ પેટા વીભાગીય કચેરી,રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૬૩/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૧–૦૭–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ભાવેશભાઈ અમૃતલાલ ગેરીયા, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ભાવેશભાઈ અમૃતલાલ ગેરીયા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પ્રહલાદ પ્લોટ પેટા વીભાગીય કચેરી,રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ)**

**રજુઆત કરનાર :એન.ડી.પનારા (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ)**

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના વાણીજય વીજજોડાણ નં.: ૩૧૧૦૪/૦૩૧૨૩/૦ વાળુ સ્થળ નાની દુકાન છે. અને એક પંખો અને એક ટયુબલાઈટ જેટલોજ – આશરે ૧૨૦ વોટ નો વીજભાર છે. તેઓના જોડાણ મા ૮૦ યુનીટ થી ઓછુ બીલીગ વર્ષો થી થાય છે. હાલ અચાનક તેઓને માહે માર્ચ–એપ્રીલ– ૧૭ નુ ૫૦૬ યુનીટ નુ રૂ.૩,૯૪૭/– નુ, તા.૦૩–૦૫–૧૭ થી બીલ અપાયેલ છે. જેથી, તેમના જોડાણ નુ મીટર, જે ક્ષતિગ્રસ્ત હોય, ગુણવતાયુક્ત એવી, લેબોરેટરી ચકાસણી, જે એમ.આર.આઈ. તેમજ મીટર કંપની મા રજુ કરી, અને તે મુજબ તાંત્રીક સ્થિતી નકકી કરી અને સદર બીલ ને ન્યાયિક રીતે મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના સીગલ ફેઇઝ વાણીજય વીજજોડાણ નં.: ૩૧૧૦૪/૦૩૧૨૩/૦ મા ''માહે એપ્રીલ – મે–૧૭ નુ – ૫૦૬ યુનીટ નુ રૂ.૩,૯૪૭/– નુ, તા.૦૩–૦૫–૧૭ થી અપાયેલ બીલ ના અનુસંધાને, અરજદાર શ્રી ની, પીજીવીસીએલ મા, તેમનુ મીટર ક્ષતિગ્રસ્ત હોય, બદલવાની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ નુ એલએન્ડજી કંપની નુ : ૦૦૧૬૪૪ નંબર નુ મીટર, જે તા.૦૬–૦૫–૧૭ ના રોજ સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે, મીટર મા છેલ્લા રીડીગ ૭૭૮૩.૧ યુનીટ નોંધાયેલ હતા. અને જોડાણ મા, ૨૭૦ વોટ નો વીજભાર જોડાયેલ હતો. આ સમયે, તા.૦૬–૦૫–૧૭ ના રોજ નવુ, એચ.ઈ. કંપની નુ મીટર નંબર: ૦૩૩૯૮૬૪૫, જે શરૂઆતના ૦૦૦૦૦૦ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. |
| ૨.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે નુ, જુનુ એલએન્ડજી કંપની નુ : ૦૦૧૬૪૪ નંબર નુ મીટર, જે અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, તા.૧૫–૦૫–૧૭ ના રોજ, લેબોરેટરી મા, '' ડાયલ ટેસ્ટ હેઠળ ની – એકયુરેસી મુજબ '' ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, '' સદર મીટર તાંત્રીક રીત યોગ્ય જણાયેલ હતુ. '' |
| ૨.૩ | આમ, ઉપરોક્ત મુદદા નં.૨.૨ મુજબ ની વિગતે નુ, અરજદાર શ્રી ના સદર સીગલ ફેઇઝ વાણીજય વીજજોડાણ નં.: ૩૧૧૦૪/૦૩૧૨૩/૦ વાળુ, જુનુ એલએન્ડજી કંપની નુ : ૦૦૧૬૪૪ નંબર નુ મીટર, જે લેબોરેટરી ચકાસણી દરમ્યાન, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય – આ તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ એવા મીટર મા, નોંધાયેલ યુનીટ પણ, જોડાણ મા જોડાયેલ વીજભાર અન્વયે ના વીજવપરાશ મુજબ ના જ છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ને તેમના સદર જોડાણ મા અપાયેલ, સવાલવાળુ માહે માર્ચ–એપ્રીલ– ૧૭ નુ ૫૦૬ યુનીટ નુ, તા.૦૩–૦૫–૧૭ ના રોજનુ, રૂ.૩,૯૪૭/– નુ બીલ યોગ્ય જ હોવાનો, સદર કેઈસ મા, ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય, અત્રેથી રજુ કરાયેલ છે. |

| મુદ્દા નં.–૩ : | : નિષ્કર્ષ : |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ને તેમના સીંગલ ફેઇઝ વાણીજય વીજજોડાણ નં.: ૩૧૧૦૪/૦૩૧૨૩/૦ મા ''માહે એપ્રીલ – મે– ૧૭ નુ – ૫૦૬ યુનીટ નુ રૂ.૩,૯૪૭/– નુ, તા.૦૩–૦૫–૧૭ થી અપાયેલ બીલ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના સીગલ ફેઇઝ વાણીજય વીજજોડાણ નં.: ૩૧૧૦૪/૦૩૧૨૩/૦ નુ સવાલવાળુ એલએન્ડજી કંપની નુ : ૦૦૧૬૪૪ નંબર નુ મીટર જે તા.૦૬–૦૫–૧૭ ના રોજ સ્થળ પર થી પેપર પેક સ્થિીતી હેઠળ ઉતારી અને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે તા.૧૫–૦૫–૧૭ ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન સદર મીટર '' તાંત્રીક રીતે યોગ્ય '' જાહેર થયેલ છે. |
| ૩.૨ | આમ, ઉપરોકત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે નુ મીટર '' તાંત્રીક રીતે યોગ્ય '' જાહેર થયેલ છે. આ તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ એવા મીટર મા, નોંધાયેલ યુનીટ પણ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં.૨.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના સદર જોડાણ મા જોડાયેલ વીજભાર અન્વયે ના વીજવપરાશી યુનીટ મુજબ નુ જ છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ને તેમના સદર જોડાણ મા અપાયેલ, સવાલવાળુ માહે માર્ચ–એપ્રીલ– ૧૭ નુ ૫૦૬ યુનીટ નુ, તા.૦૩–૦૫–૧૭ ના રોજનુ, રૂ.૩,૯૪૭/– નુ બીલ યોગ્ય જ હોવાનો, સદર કેઈસ મા, ફોરમ કમિટી નિષ્કર્ષ થયેલ છે. |

| મુદ્દા નં.–૪ : | હુકમ |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગત ને આનુષાંગીક રહીને, મુદ્દા નં.૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને તેમના સીગલ ફેઇઝ વાણીજય વીજજોડાણ નં.: ૩૧૧૦૪/૦૩૧૨૩/૦ મા, પીજીવીસીએલ તરફથી, જે સવાલવાળુ માહે માર્ચ–એપ્રીલ– ૧૭ નુ, ૫૦૬ યુનીટ ની રકમ રૂ.૩,૯૪૭/– નુ, તા.૦૩–૦૫–૧૭ ના રોજ નુ, જે બીલ અપાયેલ છે, તે વીજબીલ યોગ્ય હોવાનો, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, અરજદાર શ્રી ને જાણકારી આપવા બાબતે નો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.